1. મુગલ સામ્રાજયના છેલ્લા શક્તિશાળી બાદશાહનું નામ જણાવો ?

➢ મુગલ સામ્રાજયના છેલ્લા શક્તિશાળી બાદશાહ ઔરંગઝેબ હતાં.

2. કયાં શીખ સરદારે બહાદુરશાહ વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો?

➢ બંદા બહાદૂર નામના શીખ સરદારે બહાદુરશાહ વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો.

3. દખણમાં દક્ષિણ ભારતમાં મહેસૂલી વ્યવસ્થા સ્થાપવામાં કોનું યોગદાન મહત્વનું છે ?

➢ દખણમાં મહેસૂલી વ્યવસ્થા સ્થાપવામાં આશફજહાંના દીવાન પુરણચંદનું મહત્ત્વનું યોગદાન છે.

4. બંગાળના કયાં સૂબેદારે સ્વતંત્ર શાસક બનવાનું નક્કી કર્યું?

➢ બંગાળના મુરશીદ કુલીખાંએ સ્વતંત્ર શાસક બનવાનું નક્કી કર્યું.

5. લખનૌ અને અવધનો વિકાસ કરવામાં કોનો અગત્યનો ફાળો છે ?

➢ લખનૌ અને અવધના વિકાસમાં સફદરજંગનો ફાળો મહત્ત્વનો

6. હૈદરઅલીએ મૈસુરનું શાસન કોને સોપ્યું હતું?

➢ હૈદરઅલીએ કૃપણરાજ વદીયારને મૈસુર શાસન સોપ્યું હતું.

7. મૈસુર કયાં શાસકો સામે સતત સંઘર્ષ થતો હતો ?

➢ મૈસુરને નિઝામ, મરાઠો અને અંગ્રેજો સામે સતત સંઘર્ષ થતો હતો.

8. ટીપુ સુલતાન કયાં દેશની ક્રાંતિથી પ્રભાવિત થયા હતાં ?

➢ ટીપુ સુલતાન ફ્રાંસની રાજકીય ક્રાંતિથી પ્રભાવિત થયા હતાં.

9. કયાં ભારતીય શાસકે યુરોપિયન શૈલીના હથિયારો સહિતનું લશ્કર તૈયાર કર્યું હતું?

➢ ટીપુ સુલતાને યુરોપિયન શૈલીના હથિયારો સહિતનું લશ્કરે તૈયાર કર્યું હતું .

10. શીખ રાજ્યનો બ્રિટિશ સામ્રાજ્યમાં વિલય કોને કર્યો?

➢ લોર્ડ ડેલહાઉસીએ શીખરાજ્યનો બ્રિટિશ સામ્રાજ્યમાં વિલય કર્યો હતો.

11. શિવાજીએ કોની મદદથી મરાઠાસત્તાનો પાયો નાખ્યો?

➢ શિવાજીએ સ્વબળે મરાઠાસત્તાનો પાયો નાખ્યો હતો.

12. શાહુ અને કોલકાપુર વચ્ચેના ઝઘડાને પરિણામે કઈ પ્રથા અસ્તિત્વમાં આવી ?
- શાહુ અને કોલકાપુર વચ્ચેના ઝઘડાને પરિણામે પેશ્વાપ્રથા નામની વ્યવસ્થા અમલમાં આવી.

13. શિવાજી પછીના ગેરીલાયુદ્ધના સૌથી શક્તિશાળી યોદ્ધા તરીકે કોને યાદ કરવામાં આવે છે ?
- શિવાજી પછીના ગેરીલાયુદ્ધના સૌથી શક્તિશાળી યોદ્ધા તરીકે પેશ્વા બાજીરાવને યાદ કરવામાં આવે છે.

14. પાણીપતનું ત્રીજું યુદ્ધ ક્યારે થયું?
- 14મી જાન્યુઆરી, 1961માં એહમદશાહ અબ્દાલી અને મરાઠા વચ્ચે પાણીપતનું ત્રીજુ યુદ્ધ થયું હતું .

15. પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાપણે કેટલા સૈનિકો મૃત્યુ પામ્યા હતા?
- પાણીપતના ત્રીજા યૂદ્ધ માં મરાઠાપણે અંદાજીત 28,000 સૈનિક મૃત્યુ પામ્યા હતા .

16. મરાઠા શક્તિને પુનઃઉદય કરવાનો યશ કોને જાય છે ?
- મરાઠા શક્તિને પુનઃઉદય કરવાનો યશ સવાઈ માધવરાવને જાય

17. પેશ્વાપ્રથાનો અંત કયા કારણથી આવ્યો?
- ત્રીજા મરાઠા વિગ્રહમાં અંગ્રેજો સામે મરાઠાઓની હાર થતાં પેશ્વપ્રથાનો અંત આવ્યો.

18. કયા આસામી નેતાએ મુઘલોને હાર આપી હતી?
- બડફકન નામના આસામી નેતાએ મુઘલોને હાર આપી છે.

19. કોને પૂર્વ ભારતના છત્રપતિ શિવાજી તરીકે ઓળખવામાં આવે છે?
- આહોમના શાસક રૂદ્રસિંહાને પૂર્વ ભારતના છત્રપતિ શિવાજી કહેવાય છે.

20. કયાં મુઘલ બાદશાહે હિન્દુઓ સાથે અસમાનભર્યો વ્યવહાર રાખ્યો હતો ?
- મુઘલ બાદશાહ ઔરંગઝેબે હિન્દુઓ સાથે અસમાનભર્યો વ્યવહાર રાખ્યો હતો.

21. હૈદરઅલીએ ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયાની મદદથી શેની સ્થાપના કરી ?
- હૈદરઅલીએ ફ્રેંચ ઈન્ટ ઈન્ડિયાની મદદથી ડિન્ડીગુલ ખાતે આધુનિક શસ્ત્રાગારની સ્થાપના કરી.

22. ભારતના અલગઅલગ સ્થળોએ વેધશાળાઓ બનાવવાનું કાર્ય કયાં રાજપૂત રાજાએ કર્યું હતું?
- ભારતના અલગઅલગ સ્થળો એ વેધશાળાઓ બનાવવાનું કાર્ય રાજપૂત રાજા સવાઈ જયસિંહે કર્યું હતું .

23. કયાં બ્રિટિશ શાસકે પૂર્વભારતને પોતાનો શિકાર બનાવ્યો હતો?

- કોર્નવોલિસ નામના બ્રિટિશ શાસ કે પૂર્વભારતને પોતાનો શિકાર બનાવ્યો હતો.

24. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કયા નવાબને હરાવી ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું હતું?

- ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બંગાળના નવાબ સિરાજઉદ્દૌલાને હરાવી ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું હતું.

25. ટીપુ સુલતાન ક્યા ક્લબના સભ્ય હતા ?

- ટીપુ સુલતાન ‘‘જેકોલીન’’ નામની ક્લબના સભ્ય હતા.

26. મરાઠી સત્તાનો પ્રથ પેશ્વો કોણ હતો?

- મરાઠી સત્તાના પ્રથમ પેથા બાલાજી વિશ્વનાથ હતા.